# દુ આ એ  કો મ ય લ

## ત ર જુ મો

હે અલ્લાહ ! ખરેખર હું તારી પાસે સવાલ કરૂં છું, તારી રહેમતના વાસ્તાથી કે જે દરેક ચીજ ઉપર પથરાએલી છે ; અને તારી કુવ્વતના વાસ્તાથી કે જે થકી તેં દરેક ચીજને પોતાની તાબેદાર બનાવી છે, અને જેની સામે દરેક ચીજ નમી ગઇ છે તેમજ હલકી થઇ છે ; અને તારી મોટાઇના વાસ્તાથી કે જે દરેક ચીજ ઉપર તાકત રાખે છે ; અને તારી ઇઝઝતના વાસ્તાથી  કે જેની કોઇ ચીજ બરાબરી કરી શકતી નથી ; અને તારી મોટાઇના વાસ્તાથી કે જે દરેક ચીજમાં ભરેલી છે ; અને તારી બાદશાહી - સલ્તનતના વાસ્તાથી કે જે દરેક ચીજથી મોટી અને ઉંચી છે ; અને તારી જાતના વાસ્તાથી કે જે હમેશાં બાકી રહેવાવાળી છે , જયારે કે દરેક ચીજ મરી જશે ; અને તારા નામોના વાસ્તાથી કે જે દરેક ચીજના દરેક ભાગને ભરી રાખ્યા છે   ;  અને તારા ઇલ્મના વાસ્તાથી કે જે દરેક ચીજને ઘેરી રાખેલ છે   અને તારી પોતાની જાતના તે નુરના વાસ્તાથી કે જે દરેક ચીજને અજવાળુ - રોશની - આપી રહ્યું છે

અય નુર ! અય બીલકુલ પાક પાકીઝા ! અય બધાથી પહેલામાં પહેલો  (કે જેના પહેલા કોઇ પહેલો નથી), અય બધાથી છેલ્લામાં છેલ્લો (કે જેના પછી કોઇ છેલ્લો નથી) ! હે માઅબુદ (  કે જેના સિવાય કોઇ ઇબાદતને લાયક નથી)! મારા તે ગુનાહોને માફ કરી આપ કે જે મારી ઇઝઝતને બરબાદ કરે છે ; હે માઅબુદ ! મારા તે ગુનાહોને માફ કરી આપ કે જેના થકી મારાપર અઝાબ ઉતરે છે ; હે અલ્લાહ ! મારા તે ગુનાહોને માફ કરી આપ કે જેના થકી તારા તરફથી આવતી નેઅમતો-બરકતો - બદલાઇ જાય છે ; ખુદાયા ! મારા તે ગુનાહોને માફ કરી આપ કે જે મારી દરેક દોઆને કબુલ થવાથી રોકે છે ; ખુદાયા ! મારા તે ગુનાહોને માફ કરી આપ કે જેના થકી મારા ઉપર એક પછી એક બલા અને મુસીબત ઉતરતી

રહે છે ; હે માઅબુદ! મારા તે ગુનાહોને માફ કરી આપ કે જે મારી દરેક આશા અને ઉમેદને તોડી નાખે છે ; હે માઅબુદ ! મારા તે ગુનાહોને માફ કરી આપ કે જે જે ગુનાહો મેં પોતે કર્યા છે ; અને મારી દરેક ભૂલને માફ કરી આપ કે જે મેં પોતે કરી છે.

અય મારા અલ્લાહ ! તને હમેશાં યાદ કરવાથી (તારા ઝીક્ર અને તસ્બીહ થકી) હું તારી બાજુમાં આવ્વા માટે તારી નજદીકી ચાહું છું ; અને તારી જાતને , તારી સામે, મારા પોતાના નફસ - મારી પોતાની જાન માટે - શફાઅત (છુટકારો) આપનાર બનાવું છું ; અને તારી માફી થકી હું તારાથી સવાલ કરૂં છું કે મને તારી પાસે આવ્વાની નજદીકી આપ ; અને તારો શુક્ર કરવાની મને તૌફીક આપ (મને હીદાયત કર) ; અને તારી યાદમાં મને હમેશાં મશગુલ રાખ.

અય મારા અલ્લાહ ! ખરેખર હું તારાથી સવાલ કરૂં છું , લાચાર બનીને, , માથું નમાવીને , બીતા-બીતા , કે તું મારાથી બહુજ સખતી ન કર ; અને મારા ઉપર તું મહેરબાની કર ; અને મારા માટે જે ભાગ તેં નકકી કર્યો છે - મારી કીસમત ઉપર - હું ખુશ અને રાજી રહું તથા સંતોષ માનુ ; અને હર હાલમાં - દરેક સંજોગમાં - મને તારી સાથે નરમ દિલ અને આજેઝીથી પેશ થનાર બંદો બનાવી દે.

અય મારા અલ્લાહ ! હું તારી પાસે એવા માણસની જેમ સવાલ કરૂં છું કે જેનાપર ભૂખ અને ફાકાની બહુજ કઠણ મુસીબતો ગુજરતી હોય ; અને એવો માણસ, પોતાની મુસીબતોના ટાઇમે, પોતાની હાજત લઇને, તારી સામે આવ્યો હોય અને તારી પાસે જે ખજાનાઓ છે , તેની તરફ પોતે બહુજ દિલ લગાડતો હોય - ખ્વાહીશ કરતો હોય !

અય મારા અલ્લાહ ! તારી બાદશાહત - તારી કુદરત - બહુજ મોટી છે અને તારી જગ્યા - તારો મરતબો - બહુજ ઉંચો છે ; અને તારો ભેદ છુપો છે (તારી તદબીર, તારી મસલેહત , અમારી સમજદારીની બહાર

છે) ; અને તારો હુકમ જાહેર - ઉઘાડો - છે ; અને તારો કહર - તારો અઝાબ -તાકતવાળો છે અને તારી કુદરત - તારી હુકુમત - જારી છે ; અને તારી હુકુમતથી - તારા રાજથી -ભાગી છુટવાનો કોઇ રસ્તો નથી .

ખુદાયા ! તારા સિવાય હું કોઇને મારા ગુનાહોને માફ કરનાર જોતો નથી ; અને તારા સિવાય હું કોઇને મારા ખરાબ કામોને સંતાડનાર જોતો નથી ; અને તારા સિવાય હું કોઇને મારા ખરાબ કામોને સારા કામોથી બદલી આપે તેવો દેખતો નથી . કોઇ ખુદા નથી પણ તું એકજ અલ્લાહ - ઇબાદતને લાયક - માઅબુદ છો ; તું પાક છો અને તારાજ હું વખાણ કરૂં છું . મેં પોતાએ મારી જાન ઉપર અને મારા નફસ ઉપર ઝુલ્મ કર્યો છે ; અને મેં પોતાએ મારી નાદાની - મારી નાસમજથી - બહુજ મોટી હીમ્મત કરી છે ; અને જો કે તું મારાપર હમેશાં એહસાન કરતો રહે છે ; અને તારી યાદ મારા દિલની અંદર જગ્યા લઇ લીધી છે ; તેથી , મારા માટે , તારી મહેરબાની ઉપર , મેં ભરોસો કર્યો.

અય મારા માઅબુદ ! અય મારા મૌલા ! કેટલા મારા એવા ગુનાહો છે કે જેના ઉપર પડદો નાખીને , તેને તેં સંતાડી દીધા ; અને કેટલી એવી સખત બલાઓ અને મુસીબતો છે કે જે મારાપર આવી હતી , પણ તેં મને તેમાંથી બચાવી લીધો ; અને કેટલી એવી મુંજવણો - નળતરો - છે કે જેમાં હું ફસાઇ ગયો હતો , પણ તેં મને તેમાંથી બચાવ્યો ; અને કેટલી એવી ખરાબીઓ - તકલીફો - છે કે જેને તેં મારાથી દુર કરી દીધી ; અને કેટલા એવા વખાણો છે કે જેનો હું બીલકુલ લાયક ન હતો , છતાં પણ, તેં આમ બધા લોકોની વચ્ચે , મારા વખાણને ખુલ્લા કરી , જાહેર કર્યા.

ખુદાયા ! મારી મુસીબત એકદમ મોટી છે , અને મારી ખરાબ હાલત હદથી ઘણી વધી ગઇ છે ; મારા નેક અમલ - સારા કામ - બહુજ ઓછા છે અને મારા ગુનાહોની સાંકળ મને બાંધી દીધો છે ; અને મારી લાંબી લાંબી ઉમેદોએ મને પોતાનો કયદી બનાવી દીધો છે ; અને આ દુન્યાએ , મને પોતાને , જાત જાતનો ફરેબ આપ્યો ; તેમજ , મારી પોતાની

જાન , મારાથી બેવફાઇ કરી , પોતાની ચાલ બાઝીથી , મને ફરેબ દીધો છે .

અય મારા સરદાર ! હું તને તારી ઇઝઝતનો વાસ્તો આપીને તારાથી સવાલ કરૂં છું કે મારા ગુનાહો અને મારા ખરાબ લખણ, મારા બુરા કામ મારી દુઆને તારા સુધી પહોંચવાથી રોકેનહી ; અને જેટલા મારા અયબ - મારા ગુનાહોને - તેં સંતાડી રાખયા છે , જેને તારા સિવાય કોઇ જાણતુ નથી , તેના થકી તું મને બે ઇઝઝત કરજે નહી ; અને સંતાઇને - એકાંત માં - જેટલા ગુનાહો અને ખરાબ કામ મેં કરી ચુકયા છે, તેના લીધે, તેમજ હમેશાંની મારી નાગળદાઇ - મારી નાદાની અને મારી નાસમજ થકી, મારી વધારે પડતી ખ્વાહીશો (જેને મારૂં મન બહુજ પસંદ કરતું હોય) તથા મારી બેપરવાહી થકી મને અઝાબ દેવામાં તું જલ્દી કરજે નહી . અને અય મારા અલ્લાહ ! તને તારી ઇઝઝતનો વાસ્તો છે કે તું મારાપર દરેક હાલતમાં મહેરબાન રહેજે અને મારા તમામ કામની અંદર તું મને તારી મહેરબાનીથી બક્ષીશ અતા કરજે .

અય મારા અલ્લાહ ! અય મારા સરદાર ! અય મારા પરવરદીગાર ! તારા સિવાય મારૂં કોણ છે કે જેની પાસે હું સવાલ કરૂં કે મારી તકલીફને દુર કરી આપે અને મારા કામો તરફ હમદર્દી ભરી નજર કરે ?

અય મારા માઅબુદ ! અય મારા સરદાર ! મારા માટે તેં જેટલા હુકમો જારી કર્યા છે, તેનાપર હું મારા પોતાના નફસની ખ્વાહીશને તાબે થયો (મારા મનના ખરાબ વિચારોને મેં કબુલ કરી લીધા) ; અને મેં તારા હુકમોને સાંચવ્યા નહી ; અને મારા દુશમનોએ , મારા દિલની અંદર પયદા થયેલા તે નફસાની ખ્વાહીશોને , મારી નજર સામે શોભીતા કરીને મને બતાવ્યા ; અને તેના થકી મારા દુશમનોએ મને ફરેબ આપ્યો ; તેમજ આ મામલામાં વખત અને સંજોગોએ પણ તેમનો સાથ આપ્યો . બસ , તેં જેટલા હુકમો ઉતાર્યા છે અને તેની જેટલી હદ તેં નકકી કરી છે તેને મેં તોડી નાખી ; અને તારા અમુક હુકમોની દુશમની કરીને , તેનાથી મેં બીલકુલ વિરૂધ કર્યું .માટે , આ બધા કામોની અંદર, તારા વખાણ બજાવી

લાવ્વા મારાપર વાજીબ છે ; અને જે બાબતમાં તારો ફેંસલો મારી વિરૂધ નીકળ્યો છે અને તારા તરફથી જે હુકમ બહાર પડયો છે અને જે પરિક્ષા મારાપર નકકી થઇ છે, તે બધી ચીજોની સામે મારી પાસે કોઇ બચાવ નથી.

ખુદાયા ! હું તારી પાસે આવ્યો છું એ વખતે કે જયારે મારાથી ભૂલ થઇ ગઇ છે અને જયારે મેં મારી જાનને - મારા નફસને - નુકસાન પહોંચાડયું છે ; હવે હું તારી પાસે માફી માગું છું , શરમીંદા થઇને , માથું નમાવીને , તારી માફીની ઉમેદ રાખીને , તારી બક્ષીશની આશા લઇને , રોઇ રોઇ ને , હું મારા ગુનાહોને કબુલ કરૂં છું અને ખાતરી રાખું છું કે મારાથી જે જે ગુનાહો થઇ ગયા છે તેને તું માફ કરી આપીશ , તેનો મને ભરોસો છે . જે ચીજ મારાથી થઇ ગઇ છે , તેનાથી ભાગી - છુટવાનો કોઇ રસ્તો નથી ; તેમજ ન કોઇ એવી પનાહની જગ્યા છે કે જયાં જઇને હું મારા કામો માટે આશરો લઉં ; સિવાય કે તું મારા ગુનાહોની માફી કબુલ કરી લીએ અને તારી બહુજ મોટી  તથા પથરાએલી રહેમતની અંદર તું મને દાખલ કરી આપે .

અય મારા અલ્લાહ ! બસ , હવે તું મારી માફીને કબુલ કરી આપ અને મારી ભારે તકલીફ ઉપર તું રહેમ કર અને જે સાંકળમાં હું બંધાઇ ગયો છું તેમાંથી તું મને છોડી આપ .

અય મારા પાલણહાર ! તું મારા નબળા શરીર ઉપર અને મારી બહુજ આછી - નાજુક -ચામડી ઉપર , તેમજ મારા કમજોર  - જલ્દી ટુટી જાય એવા - હાડકા ઉપર રહેમ કર . અય તે કે જે મને પયદા કર્યો છે ! અને મારા સારા નામોથી મારો ઝીકર કર્યો છે ! અને જે મને જન્મથી લઇને આજ દિવસ સુધી પાળી રહ્યો છે ! અને જે મારા હકમાં હમેશાં સારૂં કર્યું છે ! અને જે મને મારી રોજી પહોંચાડે છે ! માટે , જેવી રીતે , તેં પહેલા - શરૂઆતમાં - મારા ઉપર રહેમ કરી છે અને મારા ઉપર , દરેક રીતે , સારૂંજ કર્યું છે , તેજ પ્રમાણે , તું મારી સાથે વરતજે .

અય મારા અલ્લાહ ! અય મારા સરદાર ! અય મારા પાળવાવાળા ! શ ુંમને તું એ હાલતમાં જોઇ શકશે કે તારી જહન્નમની આગ મને અઝાબ આપે, છતાં કે મેં તારી વહદાનીયતનો કલ્મો પડયો છે કે તારા સિવાય બીજો કોઇ ખુદા નથી , અને તારી માઅરેફતથી - તારી ઓળખાણથી - મારૂં દિલ ભરાઇ ગયું છે ; અને મારી જીભ તારા ઝીકર અને તસબીહની અંદર લાગી રહી છે ; અને મારૂં મન - મારૂં દિલ - તારી મોહબ્બતની અંદર ભરાઇ ગયું છે ; અને હું મારા ગુનાહોને સમજીને કબુલ કરૂં છું અને પોકારી - પોકારીને તારી પાસે હું દુઆ માગું છું , (એ પછી પણ , શું તું મને અઝાબ આપશે ? )

ના , બીલકુલ નહીં ; હું ખાતરીથી કહું છું કે આ વિચાર તારાથી બહુજ છેટો છે કારણ કે તું બહુજ મોટો મહેરબાન છો , અને જેને તું પોતેજ પાળ્યો હોય , શું તેને તુંજ બરબાદ કરી નાખે ! અને જેને તું તારી બાજુમાં બોલાવ્યો હોય, શું તેને તુંજ તારાથી છેટો ખસાડી મુકે ! અને જેને તેં આશરો આપ્યો હોય , શું તેને તુંજ તારી પનાહની જગ્યામાંથી કાઢી મુકે ! અને જેની તેં મદદ કરી હોય અને રહેમ કરી તેને તેં બચાવ્યો હોય , શું તેને તુંજ બલા અને મુસીબતમાં ધકેલી આપે !

અય મારા સરદાર ! અય મારા ખુદા ! અય મારા મૌલા ! હું કેમ કરી માની શકું કે તું એવા ચહેરાને જહન્નમની આગની અંદર નાખી દઇશ કે જે તારી મોટાઇ સામે , સજદા કરવા માટે હમેશાં જુકે છે ; એવી જીભને કે જે સચ્ચાઇની સાથે તારી તવહીદનો કલ્મો પડે છે , અને તારો શુક્ર કરે છે , તેમજ તારા વખાણ કરતા રહે છે ; અને એવા દિલને કે જે બીલકુલ માને છે કે તારા સિવાય કોઇ માઅબુદ - ઇબાદતને લાયક - નથી ; અને એવા મન તથા દિલને કે જેમને એવો સબક મળ્યો હોય કે જેથી , તેઓ , હર વખત , તારાથી બહુજ ડરતા રહે છે ; અને એવા શરીરના ભાગને (હાથ - પગ , વગેરેને) કે જેઓ તારી ફરમાંબરદારીના કારણે , તારી ઇબાદતગાહ તરફ , ખુશીની સાથ દોડે છે ; અને સાફ દિલથી તારી પાસે તૌબા માંગે છે ; (શું એમને તું આગમાં નાખી દઇશ ? ) નહીં , ન તો

અમે તારાથી એવો ખ્યાલ રાખીએ છીએ , અને ન તો અમને તારા ફઝલ અને મહેરબાનીના એવા ખબર મળ્યા છે કે તું એમ કરીશ !

અય કરીમ ! અય મારા પાલણહાર ! દુન્યાની થોડી તકલીફો અને મુસીબતોની સામે મારી નબળાઇને તું બેહતર જાણે છે ; અને દુન્યાવાળાઓ ઉપર જે ના-પસંદ બાબતો ગુજરે છે અને બલા ઉતરે છે , મારામાં તે સહન કરવાની તાકત નથી . છતાં કે દુન્યાની મુશકેલીઓ હમેશાં રહેવાવાળી નથી , ફકત પસાર થવાવાળી અને ટુંક મુદ્દત માટે છે . તો હવે આખેરતની મુશકેલીઓને હું કેમ કરી ખમી શકીશ કે જે બહુજ ભારે હશે ; અને તે એવી તકલીફો હશે કે જેની મુદ્દત બહુજ લાંબી અને હમેશાં રહેવાવાળી હશે અને તેના અઝાબમાં કાંઇ ઓછું થશે નહી , કારણકે તે બલા અને મુસીબત નથી , પણ તારો ગુસ્સો (ગઝબ) છે , મારા ગુનાહોનો બદલો અને તારી નારાજગી છે ; અને તે એવો ગુસ્સો છે કે ન તો આસમાન તેને સહન કરી શકે છે , ન તો ઝમીન તેને ઉપાડી શકે છે .

તો અય મારા સરદાર ! તે વખતે મારી કેવી હાલત થશે જયારે કે હું તારો એક એવો બંદો છું કે જે તાકત વગરનો , ઇઝઝત વગરનો , કીમત વગરનો, મીસકીન , ગરીબ અને લાચાર છું .

અય મારા અલ્લાહ ! અય મારા પાલણહાર ! અય મારા સરદાર ! અય મારા મૌલા ! તારાથી હું મારી કઇ કઇ બાબતની ફરીયાદ કરૂં ? અને કઇ કઇ ચીજના વાસ્તે હું રોઇ - રોઇ ને તને પોકારૂં ? શું તકલીફ આપનાર ભારે સખ્ત અઝાબના કારણે ? અથવા તો શું લાંબી અને બાકી રહેવાવાળી મુસીબતના લીધે ? બસ , અગર તું મને જહન્નમની અંદર તારા દુશમનો સાથે રાખીશ અને અગર જે લોકો તારા અઝાબના લાયક છે , તેમની અને મારી જગ્યા એકજ નક્કી કરીશ ; અને અગર જે લોકો તારા દોસ્ત છે અને તારાથી મોહબ્બત કરે છે , તેમની અને મારી વચ્ચે જુદાઇ કરી દીધી તો અય મારા માઅબુદ ! અય મારા સરદાર ! અય મારા મૌલા અને મારા પાલણહાર ! માની લે કે હું તારા અઝાબને સહન

કરી લઉં , પણ તુંજ મને બતાવ કે તારી રહેમતની જુદાઇને હું કેવી રીતે સહન કરી શકું ? અને માની લે કે હું તારા અઝાબની બડબડતી આગને સહન કરી લઉં , પણ તુંજ મને બતાવ કે તારી રહેમતની નજરથી હું કેવી રીતે છેટો રહી શકું ? અથવા તો કેમ બને કે હું જહન્નમની આગની અંદર પડયો રહું જયારે કે હું તારી માફી અને મહેરબાનીનો ઉમેદવાર છું !

જેથી કરીને , અય મારા સરદાર ! અય મારા મૌલા ! હું તારી ઇઝઝતની સાચી કસમ ખાઇને કહું છું કે અગર તું મારી જીભમાં બોલવાની તાકત બાકી રાખી હશે તો જહન્નમવાસીઓની વચમાં રહી , હું જરૂર તારી પાસે, આશા રાખનારની જેમ , ચીસ પાડીને ફરીયાદ કરીશ અને એવી રીતે તને પોકારી - પોકારીને બોલાવીશ , જેવી રીતે મદદ કરવાવાળાને કોઇ અવાજ આપી રહ્યો હોય ; અને તારી રૂબરૂ એવી રીતે ચીલ્લાઇને બુમ પાડીશ અને રડીશ , જેવી રીતે કોઇ પોતાનુ બધું ખોઇ નાખ્યા પછી રોઇ છે ; અને જરૂર તને અવાજ આપીશ કે : કયાં છો તું અય મોઅમીનોનો સરદાર ! અય તને ઓળખવાવાળાઓની ઉમેદોને પૂરી કરનાર ! અય ફરીયાદ કરનારાઓની ફરીયાદે પહોંચનાર ! અય સાચાઓના દિલોને ખેંચનાર ! અય બધી દુન્યાઓનો ખુદા ! શું તને આ બધી વાતો લાયક છે ? તું તો પાક છો , અય મારા માઅબુદ ! અને હું તારાજ વખાણ કરૂં છું , કે ત્યાં જહન્નમમાંથી તું તારા એક મુસલમાન બંદાની પોકાર સાંભળી રહ્યો છે કે જે તારી નાફરમાની કરવાના લીધે , જહન્નમની અંદર કયદ થઇ ગયો છે અને જે તારા હુકમોનો વિરોધ કરવાના કારણે અઝાબનો સ્વાદ ચાખી રહ્યો છે ; અને જે પોતાના ગુનાહોની સજામાં જહન્નમના તબક્કાઓના વચ્ચો - વચ બંધ થઇ ગયો છે ; અને તારી રહેમતની આશા રાખનાર માણસની જેમ તને પોકારી રહ્યો છે , અને તવહીદનો કલમો પડનારાઓની જેમ કે તારા સિવાય બીજો કોઇ ખુદા નથી , તે ઝબાનમાં તને અવાજ આપી રહ્યો છે અને તારી સામે , તારી પરવરદીગારીનો વાસ્તો આપીને ,તેનો વસીલો બનાવી રહ્યો છે.

અય મારા મૌલા ! બસ , હવે તે કેમ કરી જહન્નમની આગની

અંદર બાકી રહેશે જયારે કે તે તારી આગલી મહેરબાની , તારી દયા અને તારી માફીની આશામાં તરસ્યો છે ? અથવા તો જહન્નમની આગ તેને કેવી રીત ેતકલીફ આપશે જયારે કે તે તારી મહેરબાની અને તારા અહેસાનની ઉમેદની અંદર લાગેલો છે ? અથવા તો જહન્નમની આગના ભડકાઓ તેને કેવી રીતે સળગાવી શકશે જયારે કે તું તેનો અવાજ સાંભળી રહ્યો છે ? અને તેની જગ્યાને પણ જોઇ રહ્યો છે ? અથવા તો જહન્નમની આગ પોતાની અંદર કેમ કરી તેને વિટી લેશે જયારે કે તું તેની નબળાઇને બરાબર જાણે છે ? અથવા તો કેમ કરી તે જહન્નમના ઉંચા - નિચા ખળકાએલા તબક્કાઓની અંદર પરેશાન થાય જયારે કે તું તેની સાચી હકીકતથી શકે જયારે કે તે જહન્નમમાંથી છુટવાની તારી રહેમતની આશા રાખતો હોય અને તું તેની અંદર તેને રહેવા મુકી આપે ? ના , બીલકુલ નહી ; આવી વાત તારાથી બહુજ છેટી છે અને આવો વિચાર તારા માટે ન થઇ શકે , અને ન તારી મહેરબાનીનો આવી રીતે કોઇ સાથે તારો વર્તાવ રહ્યો છે, અને ન તો એહસાન તેમજ નેકીની આશા રાખનાર , તારો કલમો પડવાવાળાઓની સાથે તું એવી રીતે પેશ આવ્યો છે .

બસ , હું પૂરા ભરોસાની સાથે કહું છું કે અગર તું તારા વિરોધીઓ , તારા નાફરમાન બંદાઓને અઝાબ દેવાનો હુકમ ન કર્યો હોત અને અગર તું તારા દુશમનોને જહન્નમની આગની અંદર હમેશાં રાખવાનો ફેંસલો ન કર્યો હોત , તો જરૂર દોઝખની આગને ઠંડી કરી તું તેને સલામતી અને આરામની જગ્યા બનાવી દેત ; અને ન તેમાં તું કોઇને કેદ કરતે , ન તેને તું રહેવાની જગ્યા બનાવતે .

પણ , તારા નામ બહુજ પાક છે. તેં કસમ ખાધી છે કે જહન્નમને બધા જીન્નાત અને ઇન્સાન કાફરોથી તું ભરી દઇશ અને તારા તે દુશમનો ને તું હમેશાં તેની અંદર રાખીશ ; અને બધા વખાણ તને લાયક છે , એહસાન અને મહેરબાની કરીને તું શરૂઆતથીજ ફરમાવી ચુકયો છે કે : શું મોઅમીન અને ફાસીક (તારો ફરમાંબરદાર બંદો અને તારો નાફરમાન બંદો) બરાબર થઇ શકે , ખરા ? નહી , આ બન્ને બીલકુલ કદી બરાબર થઇ શકતા નથી .

અય મારા માઅબુદ ! અય મારા સરદાર ! હું તારી પાસે સવાલ કરૂં છું તારી કુદરતનો વાસ્તો આપીને કે જે તને હાંસીલ છે અને તારા હુકમનો કે જે બજાવી લાવ્વા તેં અમારાપર વાજીબ કર્યું છે અને જેનાપર તેં તારો હુકમ મુકયો છે તેનાપર તું તાકત રાખે છે ; માટે તું મને માફ કરી આપ , આએજ રાતની અંદર અને આએજ કલાકમાં , તે દરેક ગુનાહથી કે જે મારાથી થઇ ગયા છે અને જેનો હું ઇકરાર કરૂં છું અને જેના થકી હું સજાને લાયક થયો છું ; અને મને માફ કરી આપ દરેક તે ભૂલથી કે જે મારાથી થઇ ગઇ છે ; અને મને શરમાવે તેવા દરેક ખરાબ કામથી કે જે મેં સંતાઇને કર્યા છે ; અને મારાથી થઇ ગએલી દરેક તે બેપરવાહીથી કે જેનાપર મેં પડદો ઢાંકયો છે ; અથવા તો મેં તે ઉઘાડા કર્યા છે ; અથવા તોં મેં તે સંતાઇનેં અમલમાં લાવ્યા છે ; અથવા તો લોકોની સામે તે જાહેર રીત મેં બજાવી લાવ્યા છે ; અને મારી દરેક તે ખરાબીને માફ કરી આપ કે જેને લખવા માટે તેં બે ફરીશતા « કેરામન - કાતેબીન » ને હુકમ કર્યો છે કે તેઓ મારા દરેક કામ ઉપર નજર રાખે અને તેને નોંધીને સાંચવી રાખે અને મારા શરીરના દરેક ભાગ (હાથ - પગ , વગેરે) ને , આ બન્ને ફરીશતાઓની સાથે , મારાપર સાક્ષી - ગવાહ બનાવ્યા છે ; અને તેમના સિવાય , તું પાતે મને દેખવાવાળો છો અને તું મારા દરેકે - દરેક કામથી જાણકાર છો કે જેને આ ફરીશતા પણ જાણતા નથી .

જો કે તારી મહેરબાનીથી તું તેને સંતાડી રાખે છે અને તારા એહસાનથી તું તેનાપર એક પડદો ઢાંકી મુકે છે ; અને સવાલ કરૂં છું તારાથી તે નેકીઓ માટે કે જે તેં નાઝીલ કરી છે , અને તે એહસાનો કે જે થકી તું મારી સાથે વરત્યો છે અને તે બરકતો કે જેને તેં પાથરી છે , અને તે રોજી કે જેમાં તેં વધારો કર્યો છે , અને દરેક ગુનાહની માફીમાં તથા દરેક ભૂલને ઢાંકવામાં મારો માટો ભાગ રાખજે .

યા રબ્બે , યા રબ્બે , યા રબ્બે , અય મારા પરવરદિગાર , અય મારા પરવરદિગાર , અય મારા પરવરદિગાર , અય મારા અલ્લાહ , અય

મારા સરદાર અને મારા મૌલા ! અય મારી આઝાદીના માલીક ! અય તે કે જેના હાથમાં મારી તકદીર છે ! અય મારી નુકસાની અને ગરીબીને જાણવાવાળા ! અય મારી ખરાબ હાલત અને ભૂખની મુસીબતની ખબર રાખવાવાળા !

યા રબ્બે , યા રબ્બે , યા રબ્બે , અય મારા રબ , અય મારા પાલણહાર , અય મારા પરવરદિગાર , હું તને તારા હકનો , તારી પાકીઝગીનો , તારી મોટી સીફાતોનો અને તારા નામોનો વાસ્તો આપીને તારાથી સવાલ કરૂં છું કે : મારી રાત અને મારા દિવસના ટાઇમને તારી યાદ અને તારા ઝીક્રથી ભરી આપ , અને મને તારી ખીદમતમાં હમેશાં લગાવી રાખ , અને મારા અઅમાલને તારા દરબારમાં કબુલ ફરમાવ કે જેથી મારા સર્વે અઅમાલ અને મારી સર્વે તસ્બીહ એક થઇને મળી રહે ; અને મારી હાલત એવી બને કે હું હમેશાં તારી ખીદમત કર્યા કરૂં . અય મારા સરદાર ! અય તે કે જેનાપર મારો ભરોસો છે ! અય તે કે જેની પાસે હું મારી દરેક હાલતની ફરીયાદ કરૂં છું !

યા રબ્બે , યા રબ્બે , યા રબ્બે , અય મારા રબ , અય મારા પાળવાવાળા , અય મારા પરવરદિગાર , મારા શરીરના ભાગ (હાથ- પગ, વગેરે) ને તારી ખીદમત કરવા માટે મજબુત બનાવ , અને તારી ઇબાદત કરવા માટે મારા દિલને પણ તું તાકતવાન કર , અને મને એવી તૌફીક આપ કે જેથી હું તારાથી વધુને વધુ ડરતો રહું અને હમેશાં તારી ખીદમતમાં લાગી રહું કે જેથી જે લોકો આ મયદાનની અંદર તારી તરફ દોડી રહ્યા છે , તેમાં હું પણ આગળ નીકળી જાઉં ; અને તારી ખીદમત વાસ્તે જે લોકો ઉતાવળ કરી રહ્યા છે, તેમાં હું પણ જલ્દી કરૂં ; અને તારી નજદીકી મેળવ્વા જે લોકો તડપી રહ્યા છે , એવો શોખ મારી અંદર પણ પયદા કર ; અને તારા ખાસ - સાફ અને ચોખ્ખા દિલવાળા - મુખલીસ બંદાઓની જેમ હું પણ તારી પાસે પહોંચી શકું ; અને તારા ઉપર યકીન રાખનાર લોકોની જેમ હું પણ તારાથી બહુજ ડરતો રહું ; અને તારી રહેમતના પાડોશમાં હું પણ મોઅમીનોની સાથે મળી જાઉં .

ખુદાયા ! જે કોઇ મારી સાથે કોઇ પણ જાતની ખરાબી કરવાનો ઇરાદો કરે તો તું પણ તેની સાથે એવોજ વર્તાવ કરજે ; અને જે કોઇ મને ફરેબ આપવા ચાહે તો તું પણ તેને તેના ફરેબની સજા આપજે ; અને મને તારા એવા બંદાઓની અંદર દાખલ કર કે જેમને તારાથી ફાયદો ઉઠાવ્વામાં બેહતર રહ્યા છે , અને તારી નજદીકી મેળવ્વામાં તેમનો મરતબો બહુજ ઉંચો રહ્યો છે , અને તારા દરબારમાં તેમનો દરજો ખાસ અનોખો છે , કારણકે આવો હોદો અને મરતબો તારી મહેરબાની વગર કોઇને મળી શકતાં નથી .

માટે , મને તે આપવા તું મારાપર મહેરબાની કર અને તારી મોટાઇને શોભે એવું મારા તરફ ધ્યાન આપ , અને તારી રહેમતથી મારી હીફાઝત કર , અને મારી જીભને તારી યાદમાં મશગુલ રાખ , અને મારા દિલને તારી માહબ્બતમાં ડુબાળી દે , અને મારી દુઆને ખુબી સાથે કબુલ ફરમાવી મારાપર એહસાન કર , અને મારા ગુનાહોને માફ કરી આપ , અને મારી ભૂલને દરગુજર ફરમાવ , કારણકે તેંજ તારા બંદાપર તારી ઇબાદત વાજીબ કરી છે , અને તારી પાસે દુઆ માંગવાનું તેંજ ફરમાવ્યું છે અને તેની દુઆ કબુલ કરવા તું પોતેજ તેનો જામીન થયો છે .

તો અય મારા પરવરદિગાર ! તારીજ તરફ મેં મારૂં મોઢું ફેરવ્યું છે અને તારીજ સામે મેં મારા હાથ ફેલાવ્યા છે . બસ , તને તારી ઇઝઝતનો વાસ્તો છે કે તું મારી દુઆને કબુલ ફરમાવ અને મારી ઉમેદોને પૂરી કરી આપ અને તારી મહેરબાની થકી તું મને ના-ઉમેદ ( નિરાશ ) કરજે નહી અને જીન્નાત તથા ઇન્સાનોમાંથી જેટલા જેટલા મારા દુશમનો છે તેમની તકલીફથી તું મને બચાવ .

યા સરીઅર્રેઝા ઇગફીર લેમન લા યમલેકો ઇલ્લદદોઆ ! અય પોતાના બંદાઓથી જલ્દી રાજી થવાવાળા ! તેને તું માફ કરી દે કે જે પોતાની પાસે દુઆ સિવાય બીજી કોઇ ચીજ રાખતો નથી . બેશક , તું જે ચાહે તે કરી શકે છે .

અય તે કે જેનું નામ દવા છે અને જેનો ઝીકર (જેની યાદ) શફા છે , અને જેનો હુકમ માનવો બરકત છે , તે બંદાપર રહેમ કર કે જેની પુંજી ફકત આશા અને ઉમેદ છે , અને જેનું હથીયાર ફકત રોવું છે .

અય નેઅમતો પૂરી કરવાવાળા ! અય તકલીફો દુર કરવાવાળા ! અય અંધારામાં ગભરાવાવાળાઓને અજવાળું - રોશની - આપનાર ! અય એવો આલિમ કે જને શીખાળવામાં - ભણાવ્વામાં - આવ્યો નથી ! તું હઝરત મોહમ્મદ સ૦ અને આલે માહમ્મદ ઉપર તારી રહેમત ઉતાર અને મારા હકમાં એવું કર કે જે તારી ઇઝઝતને લાયક છે અને અલ્લાહ પોતાના રસુલપર અને પોતાની ઔલાદમાંથી અમારા ઇમામો કે જે બરકતવાળા છે, તેમના ઉપર પોતાની રહેમત ઉતારે છે અને એવા સલામ મોકલે છે કે જે સલામ મોકલવાનો હક છે , બહુજ ઘણા ઘણા સલામ ./.

## હ દી યા

હું આ કિતાબને હ૦ અઇમ્મએ માઅસુમીન અ૦મુ૦
અને ખાસ કરીને જનાબે ફાતેમા ઝહેરા અ૦ ની
ખીદમતે બાબરકતમાં હદીયો કરૂં છું
અગર કબુલ ઉફતદ ઝહે ઇઝઝો શરફ

*નીસારહુસૈન રાજપાર*

## *બે બોલ*

દોરે હાઝીરમે, સારી દુન્યામેં ઇસ્લામકા ચર્ચા જારી ઓર સારી

હય. ઓર તકરીબન, હર મુલ્કમેં, નવ તાઅમીર બડી બડી મસ્જીદેં ભી દેખી જા સકતી હય ઓર ઉસમે નમાઝી ભી. મગર અલ્લાહને જો બાત ઓર જીસ પયગામકો સાહેબાને ઈમાનસે કહા હય, ઉસ પર બહોત હી કમ અમલ હો રહા હય. વોહ શય : દુઆ ઓર રાઝો નીયાઝ હય. જયસાકે ઉસને ખુદ કુરઆનમે ઈરશાદ ફરમાયા : ઉદઉની અસ્તજીબ્લકુમ : મુજે પૂકારો, મંય તુમારા જવાબ દુંગા.

ઓર ઈસી કિતાબે મુકધ્દસમેં, હ૦ આદમ અ૦ સે લેકર હ૦ ખાતમ સ૦ તક તમામ અંબીયાઅ કે દુઆ માંગને ઓર રાઝો નીયાઝ કરનેકા ઝીકર મીલતા હય. ઓર યે દુઆકા સીલસીલા સીર્ફ અંબીયાઅ અ૦મુ૦ કી ઝવાતે મુકધ્દેસા તક મહેદુદ નહી, બલ્કે હમારે અઈમ્માહ અ૦મુ૦ને ભી દુઆએં કી ઓર હમેં ભી ખુદાવંદે આલમસે રાઝો નીયાઝ કરનેકે આઅલા ઓર બેહતરીન તરીકે તાઅલિમ ફરમાએ.

ઈસ દુઆકે તવીલો અરીઝ કાએનાતમેં તમામ અઈમ્મએ માઅસુમીન અ૦મુ૦કા યે ખાસ મકામ ઓર મરતબા હય. ઈન્હી માઅસુમીન અ૦મુ૦ મેંસે સયયદુલ અઈમ્માહ, હઝરત અલી અ૦ કી એક દુઆકા ઝીકર મકસુદ હય. યું તો તમામ માઅસુમીન અ૦મુ૦ કી દુઆએં હમારે દરમીયાન સીતારોંકી માનીંદ દરખશાં ઓર રોશન હય. ઓર ઈન તમામ દુઆઓંમેં હઝરતકી એક દુઆ બેહદ નફીસ ઓર આઅલા મુતાલીબપર મુશતમીલ હય. જીસ દુઆકા નામ : દુઆએ કોમયલ હય. જીસે હઝરતને અપને સહાબી હ૦ કોમયલ ઈબ્ને ઝીયાદે નખઈ કો તાઅલિમ ફરમાઈ.

ઓર સાથ હી સાથ યે ભી ફરમાયા કે : અય કોમયલ ! ઈસ દુઆકો ખુલુસ દિલસે હમેશાં પડના. અગર રોઝ ન પડ સકો તો હફતેમેં એક દિન, અગર યે ભી ન હો સકે તો મહીનેમેં એક બાર, વરના સાલમે એક મરતબા, ઓર અગર યે ભી મુમકીન ન હો તો ઝીંદગીમે એક મરતબા ઝરૂર પડ લેના.

આજ ભી લોગ દુઆએં પડતે હય, મગર જીસ કયફ ઓર ખુલુસકે સાથ દુઆ પડની ચાહીએ, નહીં પડતે. ઈસકી વજહ યે હય કે દુઆ અરબી ઝબાનમેં હોતી હય ઓર પડનેવાલા અરબી ઝબાનસે નાબલદ ઓર

નાઆશના હોતા હય. લેહાઝા, અગર દુઆ પડનેવાલા દુઆઓંકે તરજુમોપર ગૌરો ફીક્ર કરે તો યકીનન ઉસકો દુઆ પડનેમેં લુત્ફ મહેસુસ હોંગા.

લેકીન યે બાત વાઝેહ રહે કે ગુજરાતી ઝબાનમેં કુરઆન ઓર દુઆઓંકે તરજુમે બડે હી કમ નઝર આતે હય. ઓર જો હંય, વોહ તકરીબન તેહતુલ લફઝી તરજુમે હંય. જીસકા સમજના અવામુન્નાસકે લીએ મુશકીલ હય. લેહાઝા, ગુજરાતી ઝબાનમેં રવાન ઓર આસાન તરજુમેકી ખાસ ઝરૂરત મહેસુસ કી ગઇ. જીસે હમારે મોહતરમ મુલા નીસારહુસૈન ઇબ્ને ગુલામહુસૈન રાજપાર ને મુખતલીફ તરજુમોંકી મદદસે એક નયા ઓર આસાન તરજુમા તેહરીર કરકે ઉસ ઝરૂરતકો પૂરા કર દીયા. જીસે હર ખાસો આમ સમજ સકતા હય.

યકીનન ઉનકી મહેનતેં કાબીલે દાદો તેહસીન હય. મંયને સરસરી નઝરસે જહાં તક ઇસ તરજુમેકો પડા, ઉસે ઠીક પાયા. ઉસ તરજુમેકી ઝબાન સાદા ઓર આમ ફહેમ હય. જીસમેં હર તરહસે મોહતરમ નીસાર સાહબને ઇસ બાતકી કોશીશ કી હય કે ઉસમેં ગુજરાતીકા કોઇ ભી સખ્ત લફઝ ઇસ્તેઅમાલ ન કીયા જાએ. ખુદાવંદ જનાબ નીસાર સાહબકો અજ્રે જઝીલ ઇનાયત ફરમાએ (આમીન).

આખીરમેં , ચંદ અફરાદકા શુક્રીયા લાઝમી ઓર ઝરૂરી સમજતા હું જીન્હોને ઇસ કિતાબકી નશરો એશાહતમેં મદદ કી હય. યે તરજુમા શેખ હનીફકે ફરમાઇશપર કીયા ગયા ઓર ઇસે કિતાબી જામા પહેનાનેવાલે જનાબ ગુલામઅબ્બાસ રઝાહુસૈન સાહબ હય. યે દોનો લોગ કાબીલે મુબારકબાદ હય. ખુદા ઇન્હે દીને ઇસ્લામકી મઝીદ તબ્લીગ કરનેકી તૌફીક ઇનાયત ફરમાએ (આમીન).

બારગાહે ખુદાવંદીમેં દુઆગોહ હું કે : ખુદાવંદા ! જલ્દ અઝ જલ્દ મુન્તકીમે ખુને હુસયની, હમારે વાલીઓ વારીસ, હ૦ ઇ૦ મેહદી અજ્જલલ્લાહો તઆલા ફરજહુ શરીફકે ઝહુરમેં તાઅજીર ફરમાએ ઓર હમકો ઉનકે અઅવાન ઓર અનસારમેં શુમાર ફરમાએ (આમીન).

ફકત , વસ્સલામ.

ખાદીમે ઇસ્લામ,

સયયદ રઝા ઇમામ રીઝવી ,
« ઝરગામ » ઉત્સવ લવી .
ઇમામે જમાઅત વ જુમ્માહ
***<u>Sainte-CLOTILDE</u>*** **- La Réunion**